LAKSHYA CAREER ACADEMY *Way to success…* 17 Sep. to 23 Sep.
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## સ્વચ્છતા એ સેવા–સ્વચ્છતા પખવાડિયું

- 15 સપ્ટેમ્બર,2017 ના રોજ ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાના ઈશ્વરી ગંજ ગ્રામ ખાતેથી ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે 'સ્વચ્છતા એ સેવા' ના નામના રાષ્ટ્રવ્યાપી જન આંદોલનનો શુભારંભ કરાવ્યો છે.
- 15 સપ્ટેમ્બર,2017 થી 2 ઓકટોબર,2017 સુધીનું આયોજન કરવામાં આવ્યું છે.
- ભારતમાં 2 ઓકટોબર(મહાત્મા ગાંધી જન્મદિન) 2014 થી 'સ્વચ્છ ભારત મિશન' નો પ્રારંભ થયો હતો.

## ભારતનું પ્રથમ એનિમલ લો સેન્ટર

કેન્દ્રીય વુમન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ મિનિસ્ટર તથા પ્રસિદ્ધ એનિમલ રાઈટ્સ એકિટવિસ્ટ મેનકા ગાંધી દ્વારા હૈદરાબાદની નલસર (નેશનલ એકેડમી ઓફ લિગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ) યુનિવર્સિટીમાં ભારતના પ્રથમ એનિમલ લો સેન્ટરનો શુભારંભ કરાવવામાં આવ્યો છે.

## પંડિત દીનદયાલ ઉપાધ્યાય નગર

- ઉતરપ્રદેશના મુગલસરાય શહેરનું નામ બદલીને પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગર કરવામાં આવ્યું છે.

## કેસિની

- સૂર્યમંડળના ત્રીજા સૌથી મોટા ગ્રહ શનિનાં રહસ્યોની માહિતી આપનાર અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાના અંતરિક્ષયાન કેસિનીને નષ્ટ કરવામાં આવ્યું છે.

## એર માર્શલ અર્જનસિંહનું નિધન

- ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા 1965 ના વોર હીરો એર માર્શલ અર્જનસિંહનું હદયરોગના હુમલાને કારણે દિલ્હીની R&R આર્મી હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે.
- ઈ.સ. 1965 માં તેમને પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા.

## કોરિયા ઓપન બેડમિન્ટન –2017

- પ્રસિદ્ધ ભારતીય બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ કોરિયા ઓપન બેડમિન્ટન સુપર સિરીઝનું ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બની ગયા છે.
- કોરિયા ઓપન બેડમિન્ટન 2017 ની ફાઈનલ મેચમાં જાપાનની નોઝોમી ઓકુહારાને હરાવીને તેમણે સિદ્ધિ મેળવી.

## વડાપ્રધાનશ્રીનો 68 મો જન્મદિન

- 17 સપ્ટેમ્બર,2017 ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 68 મા જન્મદિવસની ઉજવણી 'સેવા દિન' તરીકે કરવામાં આવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના 68 મા જન્મદિવસની ઉજવણી ગુજરાતમાં અનેક વિકાસ કાર્યોની દેશને ભેટ આપીને કરી હતી.

## ડિજિટલ પેમેન્ટ એપ 'તેજ'

- 18 સપ્ટેમ્બર, 2017 ના રોજ ગુગલે ભારતમાં નાણામંત્રી શ્રી અરૂણ જેટલીની હાજરીમાં ડિજિટલ પેમેન્ટ એપ 'તેજ' લોન્ચ કરી છે.
- તેમાં માસિક 50 હજાર રૂપિયાની લિમિટ છે.

## NIA ના નવા પ્રમુખ વાય.સી. મોદી

- NIA (નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી) ના નવા પ્રમુખ તરીકે શ્રી વાય.સી.મોદીની નિમણૂક કરવામાં આવી છે.
- 30 ઓકટોબર,2017 ના રોજ NIA ના વર્તમાન મહાનિર્દેશક શ્રી શરદ કુમારનો કાર્યકાળ પૂરો થતાં શ્રી વાય.સી. મોદી નવા મહાનિર્દેશક તરીકે હોદ્દો સંભાળશે.

Lakshya Career Academy

LAKSHYA CAREER ACADEMY *Way to success...* 17 Sep. to 23 Sep.
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## શ્રી અરવિંદકુમાર ગોએલ સમિતિ

- એનઆરઆઇ પતિઓ દ્વારા ત્યજી દેવાયેલી પત્નીઓની ફરિયાદોને પગલે વિદેશ મંત્રાલય દ્વારા મે,2017 દરમિયાન નિવૃત જજ શ્રી અરવિંદ કુમાર ગોએલનાં નેતૃત્વમાં નવ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી.

## 2nd ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ

- 17 થી 23 સપ્ટેમ્બર,2017 દરમિયાન ગુજરાત ખાતે બીજી ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફરન્સનુ આયોજન થયુ છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદનુ 49 મું અધિવેશન

- ગુજરાતી સાહિત્ય પરિષદનું 49 મું અધિવેશન 23 થી 25 ડિસેમ્બર,2017 દરમિયાન શ્રી ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે સિકંદરાબાદ ખાતે યોજાશે.
- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દર બે વર્ષે અધિવેશનનું આયોજન કરવામાં આવે છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વર્તમાન(20 સપ્ટેમ્બર,2017 ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળા છે.

## ડો. શિવેન્દ્ર ગુપ્તાની

- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નવા વાઈસ ચાન્સેલર તરીકે ડો. શિવેન્દ્ર ગુપ્તાની નિમણૂક કરવામાં આવી છે.

## દેશની પ્રથમ કેમિકલ એન્જિનિયર અને ટેકનોલોજી ઈન્સ્ટિયૂટ

- કેન્દ્ર સરકારના સંસદીય બાબતોનાં મંત્રીશ્રી અનંતકુમારે ભારતની સૌપ્રથમ સેન્ટ્રલ ઈન્સ્ટિયૂટ ઓફ કેમિકલ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી દહેજમાં સ્થાપવાની જાહેરાત કરી છે.

## વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવનો પ્રારંભ

- 21 સપ્ટેમ્બર,2017 ના રોજ અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતેથી ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ નવરાત્રીનો દીપ પ્રગટાવીને પ્રારંભ કરાવ્યો હતો.

## કુલદીપ યાદવની હેટ્રિક

- 21 સપ્ટેમ્બર,2017 ના રોજ કોલકતા ખાતે રમાયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની બીજી વન–ડેમાં ભારતીય સ્પિન બોલર કુલદીપ યાદવે હેટ્રિક ઝડપી હતી.
- આ સાથે જ કુલદીપ યાદવ હેટ્રિક ઝડપનાર ભારતના બીજા બોલર બની ગયા છે.
- કુલદીપ યાદવ અગાઉ ચેતન શર્મા અને કપિલ દેવે હેટ્રિક વિકેટ ઝડપી હતી.

## મહામના એકસપ્રેસનો પ્રારંભ

- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉતરપ્રદેશના વારાણસી અને ગુજરાતના વડોદરા જોડતી મહામના એકસપ્રેસ ટ્રેનનો વિડીયો લીંકથી લીલી ઝંડી દર્શાવીને પ્રારંભ કરાવ્યો છે.

## શ્રી દીનદયાળ હસ્તકલા સંકુલ

- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉતરપ્રદેશના વારાણસી ખાતે રૂા. 300 કરોડના ખર્ચે તૈયાર થયેલ શ્રી દીનદયાળ હસ્તકલા સંકુલ–ટ્રેડની સુવિધા આપતા હસ્તકલા સેન્ટરનો શુભારંભ કરાવ્યો છે.

હમીરભાઈ રાઠોડ
નિલેશ પંડયા
નિકુંજ રમણા

Lakshya Career Academy